

છપાવી પ્રસિદ્ધ કરનાર

મુંબઈ ગુજરાતી નાટક મંડળી.

[illegible] આવૃત્તિ.

મુંબઈ

શ્રી [illegible] સ્ટાર પ્રીંટીંગ પ્રેસ માંહે,

મહમદઅલી [illegible] છાપ્યું છે.

સને ૧૮૯૪ સંવત ૧૯૫૦

કીમત રૂ. ૦-૨-૦

ચંદ્રસિંહ............

નંદનસિંહ ....કુંદન

કુમારપાળ ....ચંદ્રસિંહનો મિ

કુંદનસિંહ ... .કુંદનપુરનો રાજા.

અજીતસિંહ...............એક રાજા ચંદાનો બાપ.

અમરસિંહ ... .અજીતસિંહનો પ્રધાન

વિજયસિંહ ....અજીતસિંહનો પુત્ર

કરણસિંહ..................ચંદ્રસિંહનો ભાઈ.

દાદુ ....કરણસિંહનો મિત્ર.

યાકુબ }
કુતબખાં } ....પાટણના ઉમરાવ નંદનના મદદ

સિપાહીઓ વિગેરે.

સ્ત્રી વર્ગ.

ચંદા ....અજીતસિંહની પુત્રી. ચંદ્રસિંહની સ્ત્રી

બીબીજાન ....યાકુબની સ્ત્રી.

ચંચળબાઈ ....બીબીજાનની રખાત

લીલા ....પાટણના એક અમીરની પુત્રી.

વસંત ....ચંદાની સખી.

દાસીઓ, વારાંગનાઓ વિગેરે.

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

રાજકન્યા ચંદાના પ્રેમમાં તલ્લીન થયેલો ચંદનગરનો યુવરાજ ચંદ્રસિંહ પોતાના વિલાસ ભુવનમાં એ વિષે પોતાના મિત્ર સાથે વિચાર કરતો હતો તેટલામાં તેજ કન્યા સાથે પરણવા પ્રીતની આશા રાખનાર કુંદનપુરનો પાટવી નંદન એકાએક ત્યાં ચઢી આવ્યો. બન્ને મિત્ર સંરક્ષણ માટે હિંમતથી લડયા છતાં અંતે નાસવું પડ્યું. નાસતાં કુમાર જંગલમાં ગયો. ચંદ્રસિંહ આગળ ચાલતાં એક સુંદર રાજકુમારીને વિકરાળ સિંહના પંજામાં સપડાયેલી જોઈ સિંહને મારી રાજકુમારીને બચાવતાં તે પોતાની [illegible] પ્રેમપાત્ર મળ્યાં. ચંદાએ છુટાં ન પડવા આગ્રહ કરી પોતાની સાથે લઈ ગઈ. ચંદ્રનો ભાઈ કરણ ભાઈની શોધમાં નીકળતાં આ કિનારે આવી પહોંચ્યો અને ચંદ્ર રાજકન્યાના ભુવનમાં ગયા જાણી પોતે એજ શહેરમાં રહ્યો.

નંદન ચંદા તરફની પ્રીતિમાં નિરાશ થયો. ગોબીજાન નામની પોતાની એક નીચ સખીને યાકુબની સાથે રજપુતાણીના પોશાકમાં ચંદાનું અપહરણ કરવા મોકલી હતી તેણે નીરાશાના સર્વ ખબર આપ્યા. ક્રોધિત નંદને ચંદાના મહેલમાં પેસવા હિંમત કરી લીલા નામની તેના પ્રેમમાં ફસાયેલી શુદ્ધ બાલાનો તિરસ્કાર કર્યો અને યાકુબની સાથે ચંદાના મહેલમાં ગયો.

મધ્યરાત્રીએ થયેલી ગડબડથી ચંદ્ર સાવધ થયો. કંઈક ભયંકર ભેદ માલમ પડયો. ચંદાના હિંચકા પાસે નંદન પુગતાં તેને ઘાયલ કર્યો. વિહ્વળ થયેલી ચંદાના આશ્વાસનમાં પડયો. યાકુબ પોતાના સોબતીની મદદથી નંદનને ઉપાડી ગયો. ગીજાનની નીચ યુક્તિથી, ચંદા અને ચંદ્ર પ્રેમપાશમાં બંધાયેલાં છુટાં પડતાં હતાં તેવખતે, તેનો ભાઈ વિજય ત્યાં આવી પહોંચ્યો. પરાયા પુરૂષને મહેલમાં જોઈ બંનેનો તિરસ્કાર

કર્યો અને તેમને પકડી તેના પિતા અજીતસિંહ પાસે લઇ ગયો. અજીતે બંનેને કેદ કર્યાં. ચંદા અતિશય દુઃખી થતી આજીજી કરતી ભાઇની દયા માગવા લાગી. ભાઇએ ચંદ્રને છોડાવવા યુક્તિ બતાવી. બંધીખાનાની ચાવી લઇ ચંદ્રને છુટો કરી છેવટનુ આલીંગન લઇ બન્ને પ્રેમી જુદાં પડયાં.

અંક ૨ જો.

બંધીખાનેથી છુટેલ ચદ્રને ફસાવવા બીબીજાન રસ્તામાં તંબુ નાખી પડી. નંદનથી તિરસ્કાર પામેલી લીલા આત્મઘાત કરવાના ઇરાદાથી અહિં પહોંચી. તેણે બબીજાનને ઓળખી કપટ જાણી લઇ ચંદ્ર તેનો તિરસ્કાર કર્યો તથા લીલાને નંદનને લાવી આપવાનું વચન આપી રસ્તે પડયો.

નંદનને બીબીજાને બીજી વખત નિરાશાના ખબર આપ્યા. યાકુબે હવે ચંદાને ઉપાડી લાવવાનુ બીડું ઝડપ્યું. ચદ્રના પ્રેમમાં ઝુરતી ચંદા ભાઇના આશ્વાસનથી શાન્ત થઈ ભાઇને ચંદ્રની શોધમાં મોકલી નિશ્ચિંત બેઠી હતી તે વખતે યાકુબ તેને બંધીવાન કરી ચુપકીથી લઇ ગયો. ચદ્રની શોધમાં નીકળેલ વિજયને ચંદ્રનો ભાઇ કરણ રસ્તામાં મલ્યો. બન્નેનો એકજ પ્રયાસ હોવાથી બન્ને સાથે આગળ ચાલ્યા. યાકુબ અને ફતેહખાનને તેમણે રસ્તામાં જોયા. ચંદાને એક ખોમાં છુપાવેલી હોવાથી તે નજરે પડી નહિ કરણ તથા વિજય એક ઝાડીને ઓથે છુપાઇ આ બે માણસની હીલચાલ જોતા ઉભા તેટલામાં ત્યાંથી બંધીખાનેથી છુટેલો કુમાર પસાર થયો તેને લુટવાના ઇરાદાથી યાકુબે તેની ઉપર હલ્લો કર્યો. કુમાર મૂર્છા ખાઇ પડયો. આ વખતે વિજય તથા કરણ તેની કુમકે આવ્યા. યાકુબ નાઠો. ફતેહખાં ઘાયલ થતાં બોલવાની શક્તિ ખોઇ બેઠો. કુમારને સાવધ કરવા વિજય કરણ પાણી શોધમાં ગયા. પાછળ તેને પોતાની મેળે શુદ્ધિ આવી આ વખતે ખોમાં પડેલી ચંદાએ સાવધ થઇ મદદ માટે બુમ

પાડી. કુમારે તેને ધર્મની બ્હેન કહી પોતાની સાથે લઇ જંગલમાં નીકળી પડયો વિજય તથા કરણ કુમાર ન મળવાથી કુદનપુરના લુંટારાને મરેલો માની કાંઇક માનની આશાએ તથા તે મળતાં ચદ્રની સારીરીતે શોધ કરી શકવાના ઇરાદાએ કુંદનપુર તરફ ગયા કુમાર સાથે ગએલી ચંદા એક દિવસ એકની ફરતાં ફરી ચાકુઅને હાથ પકડાઇ. તેણે તેને એક દંડીયામાં કેદ કરી

નંદનની શોધમાં નીકળેલ ચંદે તેને એક વેશ્યાના ઘરમાંથી પકડ્યો. લીલા આગલ લઇ આ યો. લીલાએતો એ નહિ આવે એવી નિરાશાએ ઝેર પીધુ હતુ. તે એના દેખતાંજ ત્યાં મરણ પામી. નદન પાછો જતાં ચંદા કેદ થવાના ખબર તેને મલ્યા એક દાસીએ ગયો અહિ દુષ્ટ વાસનાથી ચદા તરફ ધસતાં તેણે તેને ઘાયલ કર્યો. અને બીબીજાન જે પોતાના પાપ માટે પસ્તાતી હતી તેની મ દથી નંદનનો પોશાક પહેરી નાઠી

અંક ત્રીજો.

નંદન ઘાયલ થવાના ખબર તેનો પિતા બાર કચેરીમાં બેઠો હતો ત્યાં આવ્યા. આજ વખતે કરણ અને વિજય પણ ત્યાં આવી પહોંચ્યા કઇક કરી બતાવવાના હેતુથી ઘાયલ કરનારને પકડવા માથે લીધુ. ચદા એક દડીયામાથી છુટેલી એક જંગલમાં જ્યાં નિરાશ થઇ ચંદ્ર નંદનની હીલચાલ ઉપર દેખરેખ રાખવા ઝુપડી બાંધી પડયો હતો ત્યાં આવી પહોંચી અધારી રાત્રે ચદ્રે તેને ઓલખી નહિ ચદા સુતી. પાછલ પડેલા વિજય કરણ આવી પહોચ્યા. નંદનના પોશાકમાં કોઇ માણસ સુતેલું જોઇ તેને ઉઘમાંજ બંધીવાન કરી ચદ્રે તેને બચાવવા ફુરથી પીસ્તોલ મારી. બાર વ્યર્થ ગયો પણ તેણે વિજયને ઓળખ્યો. હવે એને ભાસ થયો કે સુતેલી બાલા ચદા હતી. કરણનો સાથી દાલુ જે પાછલ રહી ગયો હતો તેને તેણે પકડાયો એને તરફથી ખુલાસો થતાં વિજય તથા કરણની ભુલ તેને જણાઇ. તેણે દાલુને અજીતસિંહની સહાય લેવા મોકલ્યો.

ચંદા બીબીજાન સાથે ફરી કેદ થઇ તે કેદ પકડાતાં નંદનનું મન વિહ્‌વળ થયું તપાસ ચાલશે અને બધી વાત ફુટશે એવી ધાસ્તિ લાગી તેણે યાકુબને ચંદાને મારી નાખવાની સુચના કરી તે પ્રમાણે યાકુબે એક દડીયે જઇ ચંદાને નદીમાં નાખી. પણ તેજ વખતે ત્યાંથી ચંદ્ર પસાર થતો હતો તેણે પાછી ઝીલાવ્યું. યાકુબ નાઠો તેની પાછળ તેની સ્ત્રી બીબીજાન પડી. ખુન કરનારને પકડવા બીબીજાને શોર બકોર કર્યો. ગુસ્સામાં યાકુબે તેને પીસ્તોલ મારી. બીબીજાને સામી પીસ્તોલ તાકી. બન્નેના પ્રાણ એકજ વખત ગયા.

ફત્તેખાંએ પહેરગીરાને ખબર આપતાં ચંદ્ર જે ચંદાને બચાવી પોતાની ઝુપડી તરફ જતો હતો તેને તેઓએ પકડયો ફત્તેખા ઓળખાતાં તે પણ પકડાયો. બરકચેરીમાં સવની તપાસ ચાલી. નંદનના પિતાએ નંદનનો ખુલાસો પુછયો. ચંદા અને ચંદ્રને મોઢે સર્વ જાહેર થયું. ત્યાંની રાજા પોતાના પુત્ર ઉપર ગુસ્સે થયો. નંદને પોતાના બચાવ ખાતર ચંદાને લંપટ ઠેરવી. એ અપમાન સહન ન થતાં ત્યાંજ ઉભેલા તેના ભાઇ વિજયે તેને ઘાયલ કર્યો સર્વ ઠેકાણે ગડબડ થઇ રહી, ચંદા અને વિજયને નંદનનો પ્રાણ લેવા માટે ફાંસીની શીક્ષા થઇ કારણ બંધીવાન પકડાયો ચંદ્ર નાઠો, કુમાર જે કુંદનપુર પાસેજ ભટકતો હતો તેને મળ્યો. બન્ને મિત્રો ઘણે વખતે મળ્યા તેટલામાં વિજય અને ચંદાને ફાંસી માટે લઇ જતાં તેઓએ જોયાં. તેમને બચાવવાના હેતુથી મરણીયા થઇ તેઓ ફાંસીની જગ્યાએ ગયા.

અણીને વખતે તેઓએ બનેને બચાવ્યાં. કુંદનપુરના સીપાઇઓ તેમની ઉપર તુટી પડયા પણ તેટલામાં દોલુ સાથે અજીતની મદદ આવી પહોંચી સર્વ મળ્યાં. પુત્રના મરણથી વૈરાગ્ય પામેલ નંદનના બાપે અહિં આવી નંદનથી અન્યાય પામેલ ચંદાને પોતાની વારસ તરીકે જાહેર કરી, બંધીવાન થયેલા પ્રાણને મુકત કર્યો. અને ચંદ્રનગરનું તાજ ચંદ્રને પાછું સોપ્યું. આ આનંદમાં વધારો કરવા અજીતસિંહે પોતાને હાથે ચંદાનો હાથ ચંદ્રને આપી બનેને સુખી કર્યાં.

ચંદા

૧

વારાંગનાઓ—તાનોમ તાના તદીયનરે તદરદાનો,
નાદરદરદાનો, તુમદરદરદાનિ તારે દાનિદિમ,
તોમતાના, દીમતાના, તીમતાના, તારેદિમ,
તોમ તોમ તદેરના, તનનનનનનન—તા.
ઉદતન નિતતન, તાનોમ તાનાદેરે,
તાના તદરના, દેરના દેરના,
તાના દેરના, તદરદાનો દીયનારે તોમ,
ધા ધાકિટધા ધીનાકિટ ધીનાકિટ.
તક ધીમાટોટ તકતાગદીગનધા,
તકટોટ ગદીગન ધા, તકટોટ ગદીગન ધાધા,
તકટોટ ગદીગન ધા—તાનોમ

૨

વારાંગનાઓ—અચલ અમલ અમર કર ગાજેતા તુ ઈશ તુ
ન્યાયસ્થ તારો દંડ મહા જગનાગે રાજ અમો દેના તુ અનલ
ફરકે પતાકા ફરફરે અરી સકલ થરથરે
જરા તુજ વધે, જગત બધે, નર સૌ નમે
દુઃખ વામો સુખ પામો પામે ઈચ્છીત રાજન તુ—અચલ

૩

ચંદ—ઊગી આજ ભાગ્ય કેરી દેવી, ફળી પૂર્વ પુન્યની કમાઈ,
ટળી બાળ ભાવ કેરી શાન્તિ, મળી પ્રેમ જન્મની વધાઈ.
ઊગી'તી ચંદા સ્વપ્નું સુહાતી, ઊભી રહી'તી હું કને લજાતી,
થતાં મિશ્ર એની દિવ્ય કાન્તિ, ઉગી હૃદય આ ગઈ જડાઈ.
ભલે રહી ત્યાં અમીની હેલી, આજે ભીંજાવે મને નવેલી.
નયન એનાં અમૃતની હેલી, રહ્યા હજી અર્ધ જ્યાં મીંચાઈ.
નજર એ મધુ હવે તરે છે, જાદુ કંઈક એ મને કરે છે,
રસીલી અન્ય વાતની હરે છે, હૃદય એકનું રહી હવાઈ.

૪

કુમાર—નહીંરે ફરવા પછી મિત્ર તણી,
રતિ માંડશે જે વેળાએ, પ્રેમાસવ પ્યાલો ભરવા—નહીં.
બની રહ્યાછો અરક્ષા તોપણ બડાઇ મારો શું કરવા?—નહીં
નાગ સિંહ ખંજન અને, હાથી કીલ્લેદાર
બુરજ રહ્યા બે અચલ જ્યાં, એ કીલ્લા મોઝાર
કેદ થનારાને ફરવાનો છે ન પછો બીજે ફરવા—નહીં.

૫

કરણ—આવાર કર સહાર મારી માર પાપીને નિરધાર,
એ જબર શીર પંજર દઇ પજાર કરી ઉન ટુ સેનાર,
હુ પાર કર અહંકાર મારૂ હાર શા ક એનો ભાન,
કર ખ્વાર રાગીખાર રણ મોઝાર ચલાવીને તલવાર,
જરી ન ડરી ગરવ હરી અંગનો હાર હાર હાર.
કરૂ ખટપટ સંપરના વાગ બાર બાર બાર

૬

વારાંગનાઓ—એરી સોહે ચાંદની છાય, મનનાં ઘર પાહુના,
સંગત સજત હમે, ચાંદ તારકા ગગના એરી
જુહુ ફૂલન ખીલા, ચમન ચમન રંગ લાએ,
નએચી રતિયા ઝમકી જાય—ચાંદ.

૭

કુમાર—ધીરધર ચિંતા વિસારીરે. વિતી ગઇ પલ જુની બાત—ધીર
હું પથી ન કોઇ દગાવરે, ઉત્તમ ક્ષત્રીની જાત—ધીર

૮

કુમાર—તજુ કેમ મિત્ર પ્યારા,
વીપત્તિ જોઇ સ્વાર્થી બની, કેમ કરૂં ન્યારા?—તજું
ધીક કરી ચમન સાથ દુઃખે દુર થનારા—તજું
સુખમય કરૂં રહી સંગ, દુઃખી દીન તારા—તજું

૯

ચંદ્ર—સબર સબર ન કહેતું કર, ન કર મરણ ઉપર નજર.
કુમાર—વખત ફેરફાર જાશે અગર, નહી છુટે સુખા વગર

ચંદ્ર—હણીશ દુશ્મનોથી મર, લડાઈમાં ન તું ઉતર
કુમાર—દયા કરી ઉગાર. પડું પગે ન હાથ ધર
ચંદ્ર—સહે તું આમ દુઃખ ભર, જણું હું ન્હાસી પામી ડર
કુમાર—નહીં પ્રતાપી ભૂપ વર. તું વેર વાળવા વિચાર
ચંદ્ર—ઝનુનમાં ન બન નીડર, ન મૃત્યુ મુખમાં વિચર
કુમાર—ન શબ્દ પણ ઉચ્ચર, થશે ન બીજું છોડ ડર.

૧૦

ચંદ્રા—ન આસ સાર બાપુ આંખ ના ભીંજાવ તારી
હાં કોણ રાખશે, રડતી મીઠી વાણી ઉચ્ચારી
થયા તારા પડ્યા મારા, વિખૂટા પ્રાણ વ્હાલી
પક્ષી તન બન્યો કે, રે, તે થશે શું સીઠી માગી ?
હસી આપો હૃદયના મારી કોમળ ફુલમાળી.
ધામી નગરથી અમૃતભર, ક્યાં પાનાર વારી?
દુઃખી સંગમાં તું હું બન્ને, ગણી લપરાઈ વ્હેની
અદેખા લોકથી, છાના રડીશું આસ ત્યાગી.

૧૧

ચંદ્ર—આ ક્ષાત્ર તેજ દિવ્ય કાન્તિ પ્રાક્રમે ભરી
મૃગાન્તિ હા! પણ પિયુષ પ્રેમ સુખકરી—આ
શીઘ્ર સાથ જબ્બર કુસ્તી દાવને કરી
કોણ હશે? ક્યાંથી આવી? સ્વર્ગની પરી?
શર્મ શર્મ વમ ખુટ્યા (એ હો વાહવા આ તો) વ્હાલી
બાહદુરી—આ

૧૨

ચંદ્રા—આવો આવો પિયુ આનંદ ભર,
કીધા પ્રભુએ પુરણ મહેર.
સુંદર અંતર મંદિરમાં વસી,
લ્હાવો લેવરાવો પ્રેમ તણો પિયુજી રસ ભેર.
ચંદ્ર—અત્યારે સુંદરી જોખમે ઉતરી,
રહું અહીં કરી મોકળી ના ફરી,

ચંદા—ચાહતા હદ ખરી, ઘણું હવે કરી,
રાખો રાખો જરી ધીરનજી વરીને,
કરીશું આપણે લીલા લ્હેર.

૧૩

લીલા—પ્રેમીના વિયોગે હાયે નાંખી મુજને ખેદમાં
આવો મળો ભેટો મને અળગા ને દેશો છેહ મા
પ્રેમી જતાં શી દશા છે જાણું નથી આ દેહમાં
રડતી સુકી રઝળાતી શું જોડી જરાયે સ્નેહમાં
કાળ ક્યમે શું તજે આશાઓ રાખી દેહમાં
શુધ બુધ મારી શું તણાઈ મીઠી નજરના નેહમાં

૧૪

નંદન—એ અંહાંના ઉતારીશ સહુ આજ ગરવ હું
આવશે લેશ નહીં દયા, મુજ મન માંહીં હો કોઈ કાળે—ટેક
મારૂં કરી અપમાન જશે કહીં, મારી આ નારી બિગડી શું? નહીં
પામશે એ શું નાથ બીજો, કરીને મુજને નિરાશ:
પૂરશે એ શું નિજ આશ, વરતાવું હવે પૂરો ત્રાસ—એ.

૧૫

લીલા—ભાગે હજી શુ મીઠા પ્રેમ બોલ?
કપટ ફસાવી, ગળાંથી દબાવી, ઠારી ઘા લગાવી.
કીધો મણુંતોલ ભાગે.
ધુતારા ઠગારા હત્યારા તેં તારા—
બોળ્યો પાપી બાપ દાદાનો કોલ. ભાગે.
લખ્યું તું કાજે મેં કુડું કલંક,
ચાહે છતાં તું મુજને નીશંક,
કપટીની આશે વાણીની મીઠાશે,
વિશ્વાસે ખોઈ જીંદગી આ અમોલ. ભાગે.

૧૬

સખીઓ—આવો આવોને મોહનલાલ મોરલી વાળા રે.
આવો આવો સલુણા શામ છેલા છોગાળા રે;
હું યુવતી જોબન ભરી તું રસ લોભી રાજ,
પાશું પ્યાલા પ્રેમના મીઠા મોહન આજ આવો.

ફુલી વસંત અલબેલડી ફુલી [illegible] વેલ,
ફુલી હું મહની ભરી ફુલ્યા [illegible] આવો.

૧૭

ચંદા—નાના ચંદા વચનથી નહીં ફરે.
એક ભવ થકી બે ભવ કરી નહીં લાલુપદ શીરપર ધરશે નાના
આ ચંદા છે એક પિતાની એક વચનની જાણ.
પછી કેમ તજી દીધો માનીતા કે પ્રાણ પ્યારા, ચક્ષુતારા.
વ્હાલા માગ એ છે, જીવનધારા તે છે,
ફેંકો કે ચંદા એના નિષ્ઠુર મરશે—નાના.

૧૮

[illegible]—ઊંઘે [illegible] પ્યારી રાજકુમારી મીઠી નીંદમાં.
[illegible] અમી પાશી, આજ કુમારી મીઠી નીંદમાં
સુગંધી ફુલડાની વહી પ્રેમ પવન [illegible] કાજ
અંગે [illegible] હૃદયને, [illegible] ફુલડાને લાજ—આજ
[illegible] સ્વપ્ન [illegible] તરફ આજ
પોઢે અંદર મન ધામ, [illegible] રોકો [illegible]—આજ

૧૯

વિજય—ચલ હટ ઓ નીચ દુરજન, એના ન હાથ ધર
ચંદા—જો જાઓ એ ચંદ્રાસહ છે
વિજય—રહે ચુપ ન કંઇ વિચર
કરે શું રાજકુમાર આ કામ, હાથ કરી બને શું એ બદનામ.
કુમારીનું ભવન છે, ન સમજે મન,
નથી માન લાયક રહ્યો એ હવે,
સજા દાન લાયક રહ્યા એ હવે
ચલાઓ સાપાઇ
ચંદા—સમજ તું કાંઇ
વિજય—ન બક વિચાર વગર, ચલાવો ઓ બેખબર—ચલ.

૨૦

અમરસિંહ—સાહસ ન કીજે ભૂપતિ રૂડું જરા નહીં,
ક્રોધથી આળ ચડાવીએ રૂડું જરા નહીં,
ક્રોધથી અન્યાય થાય સત્ય ના સુઝે,
પસતાય ઉલટું થાય શાંતિ રહે જરા નહીં.
નક્કી સમજો ના કદી ચંદા ક્રુર કરે,
આવે કલંક એ લક્ષણોમાં જરા નહીં.

૨૧

ચંદા—જાઓ જાઓ પતી મુજ ચંદ્ર છે બીજો કદી ન થાય,
હો જીંદગી આ જાય, પરવા નથી જરાય—જાઓ
વરાવી છાની છાંય તમથી શું ના પડાય—જાઓ
અયોગ્ય બોલાતાંય, પિતા એ ના લજાય—જાઓ

૨૨

ચંદા—હું આશ પૂરી મારી થાશે, મારા નાથને જઇ જલદી
મારા નાથ છુટા કરૂં, હવે.
ઉદાર ચડીને સહાય કરીછે, મારી તેં પ્રભૂ
શી રીતે તારા ગુણનું વરણન આજ ઓચરૂં હવે.
સખથી સ્વામિ પાછા મળે મને આશા એ ધરૂં ?
ભલે કદી જીવ જાય, પરંતુ અન્ય ના વરૂં. હવે.

૨૩

૧ હારોગો—એ હમારા માણસને હા ન હસીએ,
હા મરની સાવતાં સોનાના થાય,
આવન્ય મેલી એકલાં ઈ તો જરૂર બીજાને જાય,
જરૂર બીજાને જાય તે જાશે,
પછી જગતમાં સાચી ખોટી વાતો થાશે,
કહે સાંધા તમાચી ગુણ ઉપર અવગુણ એમ થાય. એ

૨૪

૨ હારોગો—જુની વાટ પગ ને નવો
વળી કોઈ કોઇ માણસ જાય,
ઉડ ને એ ઉડ ને 'માયા કર પંખડી, મીટ ને મેળાવો થાય,
મીટ મેળાવો ઘડી કાં અઘડી,
મારા સાજણ ગયા વા'ણ ચડી વિસારી,
વા'ણે ચડાને હાથેલ ખભા. જુની.

૨૫

કેશુ—આહા મન્નત બડહાઇ દેખીજી
હુઈ સફાઇ આસ પાઈ હમે બડાઇ દેખીજી—આહા.

આજ મેરી સાસ મેરી લેગી બલૈયાં
દેખીકી ઝેલકી પડી મચેં પૈયાં
અહેસાન દેગી યે જાન દેગી
કુરબાન દેગી ભરઆન દેગી —મન્નત

૨૬

દારોગા—અરે વાહ વાહ શું બનાવ,
દાલુ— * * * *
મત કર બાત માફ઼ં લાત હાહાહાહા. વાહ.
દારોગા—બોલી દે બોલી દે બોલી દે તું,
દાલુ—બોલો આપ અયેસા મચે બોલ દુ,
દારોગા—દરવાજો તેં ઉઘાડી—
દાલુ——દેખ પકડુંગા મચેં દારોગા
દારોગા—રે'વાદ રે'વાદે મને શાને તુ સતાવે. અરે.

અંક બીજો.

૨૭

બોબીજાન—અયે ફલક તુજને કીસીકો ન સહારા પાયા
તેરે સાયેમે સદા ગમકા નજારા પાયા
બહેરે ઊમીદમેં લાખાને યહાં સર મારા
પર ન જુલ્માતકા મોકેગંસ કીનારા પાયા
ફૂન કાગે સએ કો અઆર જંગલી લાગે સ કાગે
દેખા આખાર તો સીકંદર ન વો દારા પાયા

૨૮

ચંદ્ર—પ્રિય મિત્ર કે પ્રિય પ્રાણ હું તે કોને સંભારૂં હું તે કોને વિસારૂં
દગાથી આ વળ્યો ઘાણું હું તે બીજું શું ધારૂં, બીજું શું વિચારૂં
મિત્રનાછે ઉપકાર પ્રિયાના સ્નેહ સારૂ જીવ દેહમાં ધારૂં
ક્યારે મળે આધાર નિરાધાર એ ચારૂ દુઃખ ક્યાં જઇ પોકારૂં
રખડતો હું નિરાશ હાય સુખ જતનું મારૂં પ્યારાંનુ સુખ પ્યારૂં
મારાથી પામ્યું નાશ આ જીવતર નકારૂં—લાગે છે ન સારૂં.

૨૯

"ચંચલબી—કરૂં કયું ન કુરબાન અપની જાન,
સુરત પીયારી ભોલી ભોલી તુમ્હારી;
મેં દેખ કે હુઈ હું હયેરાન—કરૂં.
તુમ આઓ પીયારે તુમ આઓ પીયારે,
આજ હો જાઓ હમારે મહેમાન—કરૂં.

૩૦

બીબીજાન—જાને જાન જાને જાન કરમ ન કમ કરો
છતિયા લગાઓ પ્યારે, રતિયાં મનાઓ [illegible]ારે,
બતિયાં સુનાઓ, ગાઢી હમ તુમ [illegible]
રતિયન ગીનગીન, નિશાન પલછીન
ધડક ધડક મારી છતિયન ધડકે
અમન ચમન મન મોહના મારો—જાને
દિલદારી ગમપડારી મોહે જલાઓ બાલમ
આહા આહા તજું તન મન [illegible]
જનમ જનમ રહું [illegible]માં સાહમાં
[illegible] [illegible] [illegible] બલિહારી—જાને

૩૧

લીલા—તજી આ દુનીઆં તજી સંસાર
તજી સંસાર તજી સંસાર—તજી
સ્વામિએ મુજને હાય તજીછે
હુંએ તજી પરિવાર—તજી
ચાલી હું બન્ધથી મુક્ત થવા તજી
માતા પિતાનો પ્યાર—તજી

૩૨

લીલા-દુઃખની ભરી કહું શું કથા આજે હું મારી, કહો પાસે તમારી
શુણીને વહેશે આપની પણ આંખથી વારી, મુજ વાત
દુઃખીઆ
ઝેરી ડસગોછે, નામ જોબનનો મને ભારી, [illegible] ખુબ
માબાપ છોડી, [illegible] બની, કુળ લાજ વિસારી વા[illegible]
[illegible] [illegible]

કુંદન કુંદનના સમ થઇ મતિમંદ બનાવી ફુછંદ લગાવી
સ્વછંદ કરી, સુખકંદ જણાવી અનંગ લુંટી સુજને
રંગ તરંગ ઉમંગથી ઝીલી રમી અંધ બની
મા બાપ તણી આજ્ઞા ન ગણી, એ સત્ય ઘણી,
અંતરે ધારીને, યોગ્ય વિચારીને, પાપની બારીને.
રસ્તે હું સિધારી, કપટીને ઉતારી, છેવટ ધીઃકારી
વિના મ્હોતે મારી—મુબ્જ્રાત.

૩૨

કરણ—અરે જારે જારે દુરગત દુરગત દુરગતઃ
ચંચલબી—હોી જાનો વાલી મયેં હું નીરાલી,
ધુન ધુંદ બાટ ન કર જલ સાજ,
યેહ ચલનેકા બાજુ નહીં જાનું જાઃ   અરે
કરણ—જા કહ્યું કે જા,
ચંચલબી—હાઃ હા હાઃ હાઃ હાઃ
કરણ- મને હનેછે તું હરામખોર,
ચંચલબી —બતા બતા તેરા કયા હએ જોર
કરણ —લે રાંડલે—
ચંચલબી —યા ખુદારે—
કરણ —જાયછે કે?
ચંચલબી --જાતી હું છોડ,
કરણ—દોડરે દોડ.
સામું ના જો જરી, વળી પાછી ફરી!
ચંચલબી —છોડો કરો જરી મહેરબા.

૩૪

બીબીજાન—નહી યેહ હકીકત સુનાનેકે કાબીલ,
હું શરમીંદા મએં સેર ઝુકાનેકે કાબીલ.   નહી.
બીછા દામે ઊલ્ફત કાંપે કૂંન હજારોં,
ન હએરા વલે મએં રીઝાનેકે કાબીલ.   નહી.
ખુલા ભેદ પએછાન લી ચંદ્રસિંહને,
મએં જાહેર હુઇ જાન જાનેકે કાબીલ.   નહી.
અજબ ધરક સંહા ચંદ્રસિંહમેં દેખા,
હએ કીસ્સે પુરાને મીટાનેકે કાબીલ.   નહી.

૩૫

ચંદા—જીંદગી આ ના જાયેરે, પીયુ વિરહે
ઊડી ઇંદ્રાય રહી તનમાં તાગે—જીંદગી
ફડફડતું કાળજડું મારૂં જોઈ ન કોઈ શકતું દુઃખીઆરૂં,
દુઃખ ભર એકલડાં ન ખમાયે—જીંદગી.

૩૬

વિજય—આ શું બોલીરે બ્હેની આ શું બોલી,
શુંરે ભગ નથી ભોળીરે બ્હેની આ શું બોલી.
આત્મહત્યા દોષને બ્હોર ન વહાલી બ્હેન,
સાત જનમ ડુબાવ ના, દુઃખ દરિયે મુકો ચેત—બ્હેની.
તુજ પતિને લાવું તુરત ચિન્તવતા સમ મધ,
ધર ધીરજ તું ગાંડડી સમજાઈ કહુંછું આજ—બ્હેની.

૩૭

વિજય—રાખ આન ઓ નાદાન,
છે શરમ ધર ના ગુમાન. રાખ.
ક્ષાત્ર કુળને લજવનાર પાખંડી એ.
ધુમંડી એ છે કુછંદી એ છે
કે બાળા શરાબ રે' છે.
શરમ પરમ ધરમ તજતાં અરિથી ડરીને કાંપ ધરી. રા.

૩૮

કૃષ્ણ—સમજ ભલા તું આમ કરે શું?
સમજુ થઈ આ હઠ ધરે શું?
દોલુ—મર્યે હું મરવા નહીં હું ડરવા.
દીખાઉ બચ્યા તા મર્યા સરખા.
કૃષ્ણ—જાલવા શરીર રણવીર તું અમીર,
દોલુ—મન નહીં માના,
કૃષ્ણ—દોસ્ત કરે શું? સમજ.

૩૯

નાયકાઓ—મેરા મન હર લીના મેરા મનરે
મોરલીયાંને હર લીના મેરા મનરે—મોરલીયાં.
બાજત તાલ, મૃદંગ ઝાંઝ ઢફ,
ઘુંઘરૂકી રમક ઝુમક ઝનનઝનનરે—મોરલીયાં.

૪૦

દારૂડીઓ—લાઓ લાઓ ઉલટામ વીસકી બરાંડી લાઓ,
જાનો માલ કે જાઓ વલેકીન શરાબ પીલવાઓ
જો પીએ બરાંડી મજા પાય અહાહા!
બેધડક ફુલકપર ચલા જાય ઓહોહો!
મગ પ્યાલે શાદી દિલપે છાય અહાહા!
સબ હાથ આય અહા અહા અહા
શમપીં તો હએ બસ રંગી
પોટવંનસે હો સુખ ચએન ને શક હો પીઓ
આજમ ઓ. જાનો.

૪૧

નાયકા—કોય મોહે જાની રંગીલિ મીલાવદે
રંગીલિ મીલાવદે છબીલિ મીલાવદે—કોય

જએસા દુલદા મએં બનું ઓર વએસી દુલદન પાઉં.
અત ચંચલ નવજોબના લટધારી નાગન પાઉં:—રંગીલિ.

માલિકને મજકો દીયા ભર થેલી ઇનામ,
જી ચાહે શાદી કરો યા બીન શાદી આરામ—રંગીલિ

૪૨

નાયકા—કઓન ભરેગી મોરા? કઓન ભરેરી મોરા?
નિત ઉઠ પનીઆં; કઓન.

સાસુ બુરી મોરી નનદ હઠીલ
સોકનકા દુઃખ કઓન સહેરી' મોરા. નિત.

૪૩

ફતેહખાં—વાહજી મીયાં સનદે સરદાર આલીશાન,
તુમહો સુલતાન હમ હએં જીશાન
રાકુબ—ખુબ મેરે પ્યારે લુટારે જવાંન. વાહજી
અહાહા પ્યારે ચમકે સીતારે,

ફતેહખાં—દેખો વજીરીકી શાન.
યાકુબ—આજ તાજ સરપર મએં રખ્ખુંગા જાન;
ફતેહખાં—રાજ આજ કૂમઝેમેં મએં લુંગા માન. ચાલ્જી

૪૪

વિજય- | મેનાવતી માતા નીર ભર્યાંરે થારા નેણમેં,
કરણુ— | ગોપીચંદ લડકા બાદલ બરસેરે કચન મ્હેલમેં;
બારા બરસકી ઉમ્મર જોગી મએ કયા જાનું જોગ:
ચરચા કરે મુલકકે માહીં હસે શેહેરકે લોગ રે
માતુ રાજ કરણુંદે જોગી મત કરરે મા મેનાવતી—માતુ

૪૫

કુમાર—ક્યાં હું? ને ક્યાં તું? તે ક્યાં હશે કે?
ક્યારે સહુનો, બેડો થશે કે?—ક્યાં.
ચંદા પડી ક્યાં? ચંદ્ર છુપ્યો ક્યાં?
શી રીતે આવા દિન જશે કે?—ક્યાં.
વિયોગમાં સૌ દુઃખી થયાં છે.
મળશે કે? સૌએ મરશે કે?—ક્યાં.

૪૬

લીલા—ધીરજ હું કઈ પેરે ધારું, જીવતર થયું આ અકારૂં—ધીરજ
પ્રિત કરી પસતાવો પામી લાગે મને ન કાંઇ સારૂં,—ધીરજ
આશા નિરાશામાં ગોથા હું ખાઉં દિસે છે સર્વ અંધારૂ—ધીરજ
આવશે કે લાવશે નંદન ન સુઝે મસ્તક ભમેછે મારૂં—ધીરજ

૪૭

યાકુબ—અનુ મએં રંગ રંગીલા, અહાહાહા ઓહોહોહો!
બનું મએં છેલ છબીલા, અહાહાહા! ઓહોહોહો!
જેહ રીયાસત જો મએ પાઉં, સએંકડો રંગ દિખાઉં
પહેલે ચોખટકો સંવારૂં, દુજી ખટપટકો સંવારૂં,
જેહ સજાવટકો સંવારૂં, વો છપરખટકો સંવારૂં બનું.
બારૂં ફોડા, ઝનનન ઝનનન દઓડે ઘોડા સનનન સનનન
સધસ બોલે ચલહટ ચલહટ, કયા ચમકે દમકે ઝમકે
ઈંગત કરદું, દઓલત ભરદું, ચાર હારકી લા. બનું.

૪૮

ચંદન—હાય ગઈ! હાય મઈ ના મળાયરે, મનમાહિં ચિત દુઃખદાયક
અનિષ્ટ શું થયું! ક્યાં ગયું! દુઃખ મુજ કાજ પ્રેમી લીલા તેં સહ્યું   હાય
તને મુજ પ્રાણ કાં મેં તરછોડી હાય, હા! હા! દુઃખી ભુલ્યો
તેથી દિલ ગભરાય.
ના ના શાંતિ હાયે હણાઇ. જા જા પાપી ચિત ચોરાઇ
સ્થિતિ નિતિ પ્રિત એ.ક,હવે શું મારાથી હાય કદિ તને જોવાય!   હાય

૪૯

આફ્રુમ—હાંજી મેરે પ્યારે સરદાર આઈ વોહ ચંદા દુલારી,
છાઇ ઘટા ન્યારી શાદીકી તઇયારી,
હો આજ ગુલકારી દીલદાર મન પ્યારી આઇ.
સીંગાર કીજે સન્માન દીજે, ચંદાકો લે આયેંગે
સમજાયેંગે. ફુસલાયેંગે, હજરતસે મીલવાયેંગે,
ઉસકા સીલા પાયેંગે બસ પેહ ભિમ્નોદ હમારી હાંજી

૫૦

દન—પુરી આશ થઇ ગઇરે;
વાહ વાહ વાહ! અરે વાહ! અરે વાહ!
મળી પ્રાણ પ્રિયકર, સુખકર, દુઃખહર,
સુંદર, મનહર, નવલ યૌવન ભર; પુરી.
અમન ચમન કરું માણ થયો ધન્યધન્ય.
આવે હરી મદ મદ દડે ચુંબન આલિંગન,
પડી રહું પ્રિયા સંગ નીરખી રતિ વદન;
ચિંતા આજ દૂર થઇરે વાહ વાહ વાહ.   પુરી.

૫૧

ચંદા—અરે હાંરે પ્રભુજી અતી કેદ થઇ,
ક્યાં હતી ને ક્યાં આવી પડી હું,
મુંઝાઇ રહી ના સુજે કંઇ   અરે.
સાવ નિરાધાર આધાર વિણ હું,
ક્યાં જઉં કોને કહું
એક ભરોસો તારો મને છે.
તારી આશે હું રહું પ્રભુ મારી સુધ બુધ છે ગઈ. અરે.

૫૨

ચંદા—જા જા અરે ભુંડી, આ બકે શું ભુંડી તું જા,   જા.
ઘાત કરો આવા પાપ ધરી લાવી, નિચ અરે જાની
પાછી ફરી જાની જા.   જા.

જાન જાયે ઓ હેવાન કદીપણ પ્રન ન મુકું,
લાગ કે તારા નંદનના મેંપર નાના કદી ન થુંકું
ધિક ધિક તારા માતપિતાને પેદા કરી તુજ સમ ચિતાને
અભાગો થઈ તું કામગ જાતિમાં જા થા દુર થા,   જા.
લાગ જેવી જાણી મધણી નારી શું નિચ વ્યભિચારી જા
નાના દજી સુધી ક્ષત્રાણિની ખુટ્યા નથી થઈ ઉભી.
માનીન મારૂં થશે નહીં સારૂં ઓ પાપિણી તારૂં,
નર્ક ભુંડ થશે આમા જીવ જશે.
કુતરી કુટણી, ધુતારી, કુટની જા થા દુર થા   જાજા જારે.

૫૩

મદન—પ્યારી મારી જીવથી અધિક દુઃખી કાં બને,
પ્યારી મારી તાબેદારી સ્વિકારે.
નાના પ્રિય મન ના તરસાવ તન મન આ વિનીજાય—પ્યારી.
શા માટે દુઃખી થાય, રાખું પ્રિય તુને નુર જાતી સમાન
વસી મન રસી હસી, તારી પ્રીત ના દિવાના કાંધો મન
જાની પ્રાણ ઓ સુજાણ કે તું હસ બુ મળ ગાન—પ્યારી.

અંક ત્રીજો.

૫૪

દરબારીઓ—આનંદ દાખો ઉછાળી ગુણ ગાઇ ભૂપતીના
જગદીશ વિજય ધ્વની બસ
વિજય ડંકા વિશ્વે ગાજે ધનનનન આનંદ.
સ્થીર તું સ્થાપ, ભય તું કાપ, છાપ વિજયી છાપ.
આશિષ આગે મળી વંદીઆ જુથ આનંદી આ.
પુરો તું ન્યાયી ઓ નરેશ
ધર્મરૂપ રૂપકુપ છે અનુપ વીર ભૂપ
કાપ પરીતાપ તાત—આનંદ.

૫૫

વારાંગનાઓ—જય જય રાજે નરવરનો જળમાં સ્થળમાં
વીરનર શુભ કર સહુ નરનું જળમાં સ્થળમાં
ન્યાય દે સહાય લે રંક રાય ધારે નાહીં સદા નજર—
સમાન જગમાં
અરી ક્ષે હરી દે શાર્ણું તું ચર્ણું તુ
શીકદર છો ભૂપ પ્રતાપી વિજયી જળમાં સ્થળમાં

૫૬

નિજ ધરમ ચુકી,

ી, જતો દુષ્ટ પંથ અંધ અજ્ઞાની.

ાપ કીચ દુઃખ સાંચ. શરમ.

કરી સંગ થયો માન ભંગ,

નાનો રંગ બેઠો તું હોશે અભંગ,

સંગ મારી તોડી છોડી કુળ અભિમાન,

ભુલ્યો તું નાદાન.

આદમીના મુકા ઓ કપુત! છેક મુકી મુકી શરમ.

૫૭

મદદગાર ન વાલી મગ્યે હું અબે શબોદરે આલી.

ા ફક્ત ઉસકો સંભાલી આંખો દેખા ન ભાલી;

હું ગદ આપ તુમસે સવાલી લો યેહ ગરદન હય્યે ઝુકાલી,

કેરા ખંજર તલ્વાલા હય્યે ખુદા જાનને વાલા;

—મરી મતવાલી નિરાલી તેરી તકરાર હય્યે ખાલી,

હું હય્યે હલીસકી પાલી તેરા શયેતાન હય્યે વાલી;

તુને અંદાઝા નીકાલી લાગે દુઃખ ડાલનેવાલી,

અરે મુન્તાસકી આલા કહીં ઉન ઉસકા પતા લા;

બીબીજાન—કહાં જાઉં યેહ કહા હય્યે, દો પતા મુઝકો જહાં હય્યે,

નહીં અંદાકા નિશા હય્યે યેહ ફક્ત વહમેં ગુમા હય્યે;

ન યહાં હય્યે ન વહાં હય્યે વોહ તો નજરોસે નીહા હય્યે,

હય્યે જુદા ઉસકા ઉજાલા જાને અલ્લાહ તઆલા.

૫૮

બીબીજાન—કર દમકી હરદમ નાહેમાની

મત ગફલતમેં ખો દમરાની

તોરી પુરાની તોરી શયેતાની

દેખી પચ્છાની સારી નાદાની—કર.

ચમક દમક તોરી જ્યાં અટક

પલક ઝપક મટક જાયે

બોલ તુ દીલકી આપ લજાયે

ચકુમ—ચુપચુપ બેસવા કુતકુત વહાંસે ઉન

બીબીજાન—આસરા ન હારે રાનીમેં કહીં તુઝે હો જાની

હો-હય્યે રાની

શું:શું: તુજપર મુજ બદતર—કર.

૫૯

ચંદ્ર—પાપી નંદન નીચ ઘાતકી આવ્યો
તલ તલ સરખા ટુકડા કરીને મારી
રાજ હરી મુજ તાજ હરી તેં આજ
હવે બચીશ તું કેમ બચ્ચાજી મારૂં ?
પેસી જઈશ પાતાલ મહીં પણ ખોળી કાઢું

૬૦

બાકુબ—દીલ મુરાદોંકા બશર ખાક ન ઈકસીરમે
ના તો તદબીરમેં હુએ.
જો લીખા કાતિબે કુદરતને વો તકદીરમે
સચ્ચી તહરીરમેં હુએ.
હોં હરએક બાતમે સરકે જો તેરે લાખ હું.
એક ન કામ આવે મગર
તુ અફસ આહ પહેર ફિક્રકી જંઝીરમેં હુએ.
ખોટી તદબીરમેં હુએ;
હાય ઉમ્મેદ તેરે વાસ્તે કયા કયા ન કીયા.
આસમાં સરપે લીયા,
પર હો દીલશાદ ન ઇસ ચર્ખકી તાસીરમેં હુએ,
ગમકી તસવીરમેં હુએ.

૬૧

ચંદા—ફરી ફસી હું પાપી હાથે.
પાપથી ડરી, સુનિતિ ધરી, નિત વિચરી
અટકી તોયે વિપદ નહીં પડતી મુજ માથે—ફરી.
બીબીજાન—બોલો બાળી રાજકુમારી.
ચંદા—કેદ થનારી, કોણ તું નારી.
બીબીજાન—તુજ ઉપકારી, બીબી બિચારી,
ચંદા—ધાર ધર પ્યારી, લેજો ઉગારી,
મુજ કાજ દુઃખી થનારી, બધ છેવટ કેદ તું એ મુજ સાથે. ફરી.

૬૨

ચંદ્ર—સુખ તણું થયું સ્વપ્ન આજ, ડુબ્યું ભર દરીએ જહાજ,
દુઃખ સાગર ફરી પાજ, ડુબી હાય મારે.
—સુખ.
હરે હાય અજબ [illegible], જીવનનો ડુબ્યો વિશ્વાસ.

કાળ કરવા સર્વ નાશ, શસ્ત્ર જો સમારે. સુખ.
વિજયની ન ભાળ મળી, કરવા મિલન આશ ટળી.
સમજાવે હૃદય બાળી, નહીં મળે કુમારે. સુખ.
નથી જીવવા ઉલ્લાસ, થયો જગતથી ઉદાસ,
આવું તાત તુજ પાસ. લે હવે—— ——

૬૩

બીબીજાન—ચોર ફર્યું ભાગે, [illegible] કપટ ફસિયા,
પગેર ધરે નિત સનનન સનનન
સબર સબર કર પોલિસ પોલિસ. ચોર.
[illegible] તૈયાર [illegible] આફત ભારી દુઃખ.
[illegible] કરશો [illegible].

ચાકુમ——ચુપ ચુપ
બીબીજાન—પોલિસ
ચાકુમ——ચુપ ચુપ. ચોર.

૬૪

ચંદ્ર—નિરઆધારાઓને પકડતાં, ડરતા નથી ગમાર,
ગમાર દૂર હટો અહીં થી [illegible]
નહીં શોભા ખુવાર ખુવાર. દૂર.
૨ સિપાઈ—બસ બસ ચલ હટ,
૧ સિપાઈ—નહીં કર ખટપટ,
૩ સિપાઈ—છોડ તું ખટપટ,
૪ સિપાઈ—લટપટ ચટપટ,
ચંદ્ર—તું લે ઝટપટ.
૪ સિપાઈ—અરરર.
૩ સિપાઈ—મર મર,
૨ સિપાઈ—સર સર,
૧ સિપાઈ—ધર ધર,
૨ સિપાઈ—હું હું,
૩ સિપાઈ—તું મર જા.
ચંદ્ર—ચલ દૂર થા છૂટ છૂટ. નિરઆધારી.

૬૫

કુમાર—થાક્યો ભટકી દેશ વિદેશે મિત્ર ભાળ ન મળી લગરેશ. થાક્યો
રાત દિવસની નિદ્રા છોડી, ભુખ તરસ સુખ દુઃખ તજ છોડી
થયું આકુળ સહુ આશા તોડી, દાદ દયાળુ પણ નહીં દેવે થાક્યો.

૬૬

કુમાર—હિમે સ્વપ્ન આ કે બને ખાલી ભાસ?
બેઠું ભર ઉલ્લાસ, પણ વિશ્વાસ ન પડે હિસે૦
પામ્યો પાછો મિત્ર પ્યારો.
ચંદ્ર—કુંએ પામ્યો પ્રાણ મારો,
ધન્ય ધન્ય સખા તુજ કાજ સહ્યાં અનેક, તુજ પ્યારનો
આભાર
કુમાર—ન વિસ્ચાર એવું છેક, (તોન પ્રેમમાં વિરહ,)
ચંદ્ર—તણી અખુટ બંને તારી ટેક હિસે

૬૭

વિજય—હાય? નમિયનો વાર, કામીએ બહુ હાય
અરેરે' સ્વદેશની ભાળ ન સુજ, કોને કહું મારું દુઃખ' કામી
પોતાના કરમ અજાણું ન મારાં, આવ્યો છે મારો આક્રંદ
મને ન થાતું દુઃખ મરવાનું બહુ ન પડાણી શોક કામી

૬૮

વારાંગનાઓ—આનંદ આ. આનંદ જય વાધે વિજય તુજ, આનંદ.
આહાહા આ ઉજાસ થયો અંધકાર ગયો નવ જાય કહ્યો'
દુઃખ જાતા, સુખ થાતા, આનંદાના મદ માતા
હરખના. ગાયા નાચ્યા સાની ધપ મગરેસા
તાદીગ દીન્ના તીગડીટ તકધા
તા થેઈ ખીડનગ તરકટ તક આનંદે

૬૯

સર્વેપાત્ર—વિજય છે જગ સત્યનો આ આખરે
સાચ આ, પાપી પાપ ફળ આજ પામ્યો
અધર્મનો થયો ક્ષય આ વિજય
નેકીની ટેકથી ચઢી ગયા ખીલી હવે
ચંદ્રોદય આ જોઈને, શું વિપત્તિ સહી?
ગઈ વહી નહિ ટેક છુટી સુખી રહો વિજય આ વિજય

સમાપ્ત